# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૨૦ કેસ

## કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૦૭૮ પર પહોંચ્યો : ૨૪ કલાકમાં કોરોનાથી ૧૪ લોકોના મોત થયા, એક્ટીવ કેસની સંખ્યા ૧૬૨૧૯, હાલ ૯૨ લોકો વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર,તા.૪

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૫૪૫૩ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૨૦ પોઝિટિવ કેસ નોંધાતા છે.આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો૧૦૧૬૯૫ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૪ મોત થયા છે. કુલ મૃત્યુઆંક ૩૦૭૮ નોંધાયો છે. રાજ્યમાં ૧૨૧૮ દર્દી આજે સાજા થયા છે. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંક ૮૨ હજારને પાર થઈ ૮૨૩૯૮ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૨૧૯ એક્ટિવ કેસ છે. જેમાં ૯૨ વેન્ટીલેટર પર અને ૧૬૧૨૭ સ્ટેબલ છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં કોવિડ-૧૯ના લીધે સુરત જિલ્લામાં ૨ અને શહેરમાં ૧, અમદાવાદ શહેરમાં ૪,રાજકોટ કોર્પોરેશનમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૧, પાટણમાં ૧, જુનાગઢ કોર્પોરેશનમાં ૧, ગીર સોમનાથમાં ૧, ગાંધીનગરમાં ૧ મોત સાથે કુલ ૧૪ મોત નોંધાયા છે.અનલોક-૪ના ચોથા દિવસે ગુજરાતમાં ફરી એક વખત કોરોના સંક્રમીતોનો આંકડો ૧૩૦૦ને પાર થયો હતો. અમદાવાદ શહેરમાં ૧૫૨ અને જિલ્લા ૧૯ સાથે ૧૭૧ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમિતનો આંકડો ૩૨૧૮૪ નોંધાયો છે. આ સાથે ૪ મોત અમદાવાદમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૭૩૦ છે.સુરત શહેરમાં ૧૮૧ અને જિલ્લામાં ૯૦ સાથે કુલ ૨૭૧ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૧૬૬૫ થયો છે. આજે વધુ ૩ મોત સુરતમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૬૫૧ થયો છે.વડોદરા શહેરમાં ૮૯ અને જિલ્લામાં ૩૬ સાથે ૧૨૫ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૮૬૯૧ થયો છે. આજે ૧ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૩૬ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૫ અને જિલ્લામાં ૫૭ સાથે કુલ કેસ ૧૬૨ નોંધાયા છે. આ સાથે રાજકોટમાં કુલ સંક્રમિતનો આંકડો ૫૬૬૭ થયો છે. ભાવનગર શહેરમાં ૪૦ અને જિલ્લામાં ૧૩ સાથે ૫૩ કેસ નોંધાતા કુલ આંકડો ૩ હજારને પાર ૩૦૩૩ થયો છે અને ૨ લોકોનું મૃત્યુ થયું છે.

## ઉત્તર ગુજરાત ઝોન યુથ કોંગ્રેસના મેમ્બરશીપ સહ પ્રભારી તરીકે જીતેન્દ્રસિંહ સોલંકીની નિમણુંક

ચિલોડા, તા. ૪

ગાંધીનગર જિલ્લાના યુવા કોંગ્રેસના ઉત્સાહી અને સક્રિય યુવા નેતા જિતેન્દ્રસિંહ સોલંકીને ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતની મંજૂરીથી



ઉત્તર ગુજરાત ઝોન યુથ કોંગ્રેસના મેમ્બરશીપ સહ પ્રભારી તરીકે નિમણુંક આપી હતી. આ નિમણૂંકને જિલ્લા તાલુકાના કોંગ્રેસના યુવા કાર્યકરો, આગેવાનો, હોદેદારોએ વધાવી શુભેચ્છા સહ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. પક્ષના સંગઠનની જવાબદારી પક્ષને સંપૂર્ણપણે વફાદાર રહી હરહંમેશ નિષ્ઠાપૂર્વક મેમ્બરશીપ અભિયાન વધુ વેગવંત અને સંગઠન શક્તિ મજબુત બને તેવો આશા સૂર વ્યક્ત કર્યો છે.



ગાંધીનગરના વિકાસ કામોમાં ઝડપ આવી છે. રોડ રસ્તા અને ગટરના કામો ઉઘાડ નીકળતા ઝડપથી થઈ રહ્યાં છે. નવી સ્ટ્રીટ લાઈટ નાંખવાનું કામ પણ સાથે સાથે થઈ રહ્યું છે. 'ગ' રોડ ઉપર સિકસલેનનું કામ પૂરજોશમાં ચાલુ છે તો સાથે જ પાણીના નિકાલ માટેની ગટરલાઈનનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે.

## અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીએ ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતના મહિલા સરપંચને બરતરફ કર્યા

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં અનેક ગ્રામ પંચાયતોમાં વિકાસલક્ષી કામકાજ દરમ્યાન વ્યાપક ભ્રષ્ટાચાર, ગેરરીતીઓ તેમજ અનેક પ્રકારના વહીવટી છબરડા ચાલતા હોય છે. અંધેરી નગરી અને ગંડુ રાજા જેવો વહીવટ ગ્રામિણ વિસ્તારોમાં ગ્રામ પંચાયતોમાં બંધ બારણે ચાલતો હોઈ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે જ્યાં જ્યાં મહિલા સરપંચો હોઈ ત્યાં વહીવટ તો સરપંચ વતી પતી તેમજ અન્ય વ્યક્તિઓ જ મોટા ભાગે કરતા હોય છે.જ્યાં સરપંચો સક્ષમ અને વહીવટી કુશળતા ન ધરાવતા હોય ત્યારે વિકાસ ખાડે ગયો હોય તેવો માહોલ ઠેર-ઠેર જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારીએ ભિલોડા તાલુકાના ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ ઈન્દુબેન શશીકાંતભાઈ બોદરએ તેમની ફરજોમાં બેદરકારી દાખવતા સરપંચ પદેથી બરતરફ કરતા રાજકીય ભુકંપ સર્જાયો હતો.કહીં ખુશી કહીં ગમનો માહોલ પ્રર્વતી રહ્યો છે.

ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતના સરપંચએ નૈતિક ફરજોમાં બેદરકારી દાખવતા હોઈ સને ૨૦૧૯-૨૦ નું અંદાજપત્ર અવલોકન અર્થે તાલુકા પંચાયત ખાતે ઠરાવ કરી મોકલી આપેલ પરંતુ અંદાજપત્ર બાબતે ગ્રામ પંચાયતની કારોબારીની સભામાં ઠરાવ થયેલ ન હોવા છતાં ખોટી રીતે દર્શાવી તાલુકા પંચાયત કચેરીમાં અવલોકન અર્થે તાલુકા પંચાયતના અધિકારીઓને ગેરમાર્ગે દોરી અંદાજપત્ર મોકલી આપેલ હોઈ પરંતુ વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા ન્યાયિક તપાસ દરમ્યાન સરપંચે કરેલા છબરડા અને ગેરરીતીઓ પ્રકાશમાં આવતા ગુજરાત પંચાયત ધારા અધિનિયમની ૧૯૯૩ની કલમ ૫૭ (૧) મુજબ સરપંચ પદેથી દુર કરવા જીલ્લા વિકાસ અધિકારીએ લેખિતમાં હુકમ કર્યો હતો. ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતના સરપંચે વિકાસલક્ષી કામકાજના ઠરાવમાં પણ છબરડા કર્યા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

## બનાસકાંઠામાં કોરોનાના ૧૩ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના વધુ ૧૩ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૩૪ પહોંચી ગઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યાં શુક્રવારે વધુ ૧૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૩૪ પહોંચી ગઈ છે. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પાલનપુરમાં ૮, કાંકરેજ ૨, ડીસા ૧, દાંતા ૧, દાંતીવાડા ૧ મળી કુલ ૧૩ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેમને સારવાર અર્થે કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે તેમના સંપર્કમાં આવેલા લોકોને હોમ કોરેન્ટાઇન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## ડિવાઈડર્સ પર ઉગેલું ઘાસ ચરતી ગાયો વાહનચાલકો માટે જોખમરૂપ..!!

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં ચોમાસું પ્રાકૃતિક સૌંદર્ય સાથે અવનવી મુસીબતો પણ લઈને આવે છે જેમ કે તાજેતરમાં શહેરમાં થયેલી સારી મેઘ મહેરના પગલે ઠેર ઠેર પાણીના ભરાવાની અને તેના થકી મચ્છરના ઉપદ્રવની સમસ્યા વધવા પામી છે તેજ રીતે શહેરમાં ચોમાસા દરમિયાન રખડતી ગાયોનું રોડ પર અડિંગા જમાવવાનું વધી જાય છે. આ સાથે બીજું જોખમ એ ખડું થવા પામ્યુ છે જેમાં વરસાદના કારણે શહેરના માર્ગો વચ્ચેના ડિવાઈડરમાં ઉગેલું લીલું ઘાસ ગાયોને આકર્ષી રહ્યું છે અને આ ગાસ આરોગવા મથતી ગાયો વાહનચાલકો માટે જોખમરૂપ બની રહી છે.



શહેરમાં મુખ્ય માર્ગો જવા કે ચ રોડ અને ઘ રોડ પર વચ્ચે સેન્ટ્રલ વર્જ વિકસાવાયેલું છે. તેમજ અન્ય માર્ગો વચ્ચે ડિવાઈડર્સ પણ નાના વૃક્ષો કે છોડ ઉગાડી શકાય તે રીતે વિકસાવાયેલા છે. અત્યારે ચોમાસાની ઋતુના કારણે સેન્ટ્રલ વર્જ તથા ડિવાઈડર્સ પર લીલુંછમ ઘાસ ઉગી નીકળ્યું છે જે પ્રકૃતિ પ્રેમી નાગરિકોની આંખને ઠંડક આપે તેવું છે તે સાથે શહેરમાં રખડતી ગાયો માટે હાથવગો ચારો હોવાથી ગાયો પણ તેની તરફ આકર્ષાઈ રહી છે. આ લીલું ઘાસ આરોગવા રોડ વચ્ચે આવી જતી ગાયો વાહનચાલકો માટે અકસ્માતનો ખતરો પેદા કરી રહી છે કેમ કે એક તો રોડ વચ્ચે ગાયોના અડિંગા વધે છે તેમજ આ ગાયો ઘાસચારો ચરીને અચાનક જ ચાલવા માંડે છે અથવા સેન્ટ્રલ વર્જમાંથી કુદકો મારી બહાર આવે છે. આ સ્થિતિમાં વાહનચાલકનું જો ધ્યાનચૂક થાય કે રોડ પર નજર ના હોય તો અકસ્માત સર્જાઈ શકે છે. ખાસ કરીને સાંજના સમયે આ સ્થિતિ ખૂબ જોખમકારક બની રહી છે.

## મુખ્ય બંદરોને હવે ફક્ત ભારતમાં નિર્માણ પામેલી ટગ બોટનો જ ઉપયોગ કરવાનો નિર્દેશ અપાયો

ગાંધીનગર, તા. ૪

શિપિંગ મંત્રાલયે તમામ મુખ્ય બંદરોને ફક્ત ભારતમાં બનાવેલી ટગ બોટ ખરીદવા અથવા ભાડે લેવા માટે નિર્દેશ આપ્યા છે. મુખ્ય બંદરો દ્વારા કરવામાં આવતી તમામ ખરીદી હવે સુધારેલા 'મેક ઈન ઈન્ડિયા' આદેશ મુજબ કરવાની રહેશે. જહાજ મંત્રાલય ભારતીય જહાજ નિર્માણ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા પર ધ્યાન આપી રહ્યું છે તેમજ જહાજ નિર્માણ ઉદ્યોગમાં મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા અગ્રણી દેશો સાથે ચર્ચા પણ કરી રહ્યું છે. આ દરમિયાન સરકારના આ નિર્ણયને જહાજ નિર્માણ ક્ષેત્રે મેક ઈન ઈન્ડિયાને સાકાર કરવા તરફનું મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

કેન્દ્રીય જહાજ રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભારી) મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે "ભારતમાં જૂના શિપયાર્ડ્સને પુનર્જીવિત કરવા અને જહાજ નિર્માણને પ્રોત્સાહન આપવા માટે સરકાર ૩૬૦ ડિગ્રી કાર્યવાહી કરી રહી છે. ભારતીય જહાજ નિર્માણને પુનર્જીવિત કરી 'આત્મનિર્ભર ભારતમાં આત્મનિર્ભર શિપિંગ'ને સાર્થક કરવા તરફનું આ એક મોટું પગલું છે. સરકાર ભારતમાં શિપબિલ્ડિંગ, શિપ રિપેરિંગ, શિપ રિસાયક્લિંગ અને ફ્લેગિંગ માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરવાનો પ્રયત્ન કરશે. આત્મનિર્ભર શિપિંગ આગામી સમયમાં વાસ્તવિકતા બનશે." ભારતમાં જહાજ નિર્માણને પ્રોત્સાહન આપવા બંદર પર વપરાતા સાધનોને વસાવવા/ભાડે કરવા સુધારેલા મેક ઈન ઈન્ડિયા આદેશનું પાલન કરવાનું રહેશે. ઈન્ડિયન પોર્ટ્સ એસોસિએશનના મેનેજિંગ ડિરેક્ટરના નેતૃત્વમાં એક સ્ટેન્ડિંગ સ્પેસિફિકેશન કમિટીની રચના કરવાની દરખાસ્ત કરવામાં આવી છે અને તેમાં કોચિન શિપયાર્ડ લિમિટેડ (સીએસએલ), શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એસસીઆઈ), ભારતીય રજિસ્ટર ઓફ શિપિંગ (આઈઆરએસ) અને શિપિંગ ડાયરેક્ટર જનરલનો સમાવેશ થાય છે.

## હેપ્પીએસ્ટ માઈન્ડ્સ ટેકનોલોજીસ લિમિટેડનો આઈપીઓ ૭ મીએ ખુલશે

હેપ્પીએસ્ટ માઈન્ડ્સ ટેકનોલોજીસ લિમિટેડ 'બોર્ન ડિજિટલ. બોન એજાઈલ' તરીકે પોઝિશન ધરાવે છે, જે ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઉદ્યોગમાં કામ કરે છે અને એના ગ્રાહકોને શ્રેષ્ઠ ડિજિટલ અનુભવ પ્રદાન કરવા ધ્યાન કેન્દ્રિત કરે છે. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ એના ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર" અને આ પ્રકારની ઈનિશિયલ પબ્લિક ઓફર, "ઓફર") માટે ઈનિશિયલ પબ્લિક ઓફર લાવશે. આ ઓફર ૯ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બંધ થશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૬૫થી રૂ. ૧૬૬ નક્કી કરવામાં આવી છે. ઓફરમાં રૂ. ૧૧૦ કરોડના ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને ૩૫,૬૬૩,૫૮૫ ઈક્વિટી શેરના વેચાણની ઓફર ("ઓફર ફોર સેલ") સામેલ છે, જેમાં ૮,૪૧૪,૨૨૩ ઈક્વિટી શેર અશોક સૂટાના ("પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર") અને ૨૭,૨૪૯,૩૬૨ ઈક્વિટી શેર CMDB II ("ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર", પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર સાથે સંયુક્તપણે "વિક્રેતા શેરધારકો") સામેલ છે. બિડ લઘુતમ ૯૦ ઈક્વિટી શેર માટે કરી શકાશે અને પછી ૯૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ શેરદીઠ રૂ. ૨ છે. આ ઓફરમાં ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE") પર થશે.

### ડ્રીમ સિટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચરો, ગેસ, પાવર વગેરે) કરવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવશે.

આ સ્માર્ટ સિટીમાં નાગરિકો અને સતામંડળોની માહિતી અને સંચારની જરૂરિયાતો જેવી કે વોઈસ, વિડિઓ, સર્વેલન્સ, ટ્રાફિક, સેન્સર, દૂરસંચાર માટેની માહિતી પૂરી કરવા માટે વિસ્તૃત અને અત્યંત સુરક્ષિત વિશાળ આઈસીટી (ICT) નેટવર્ક નાખવામાં આવશે. શહેરી અધિકારીઓ વાસ્તવિક સમય ધોરણે થતી સામાજિક માહિતીઓ તેમજ નિરીક્ષણ ડેશબોર્ડ્સની વિશ્લેષણ સુવિધાઓ અને આગાહીયુક્ત માહીતી દ્વારા શહેરની પરિસ્થિતિનો કયાસ મેળવી શકશે.

ધોલેરા આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ૨૪૭૭ વિદ્યુત ઊર્જા પૂરી પાડશે અને ગ્રાહકોને સક્રિય ભાગીદારીથી ગ્રાહક પોતેજ ઉપયોગ સમય સ્લોટની પસંદગી કરી શકશે, જે શકય વીજળી ખર્ચ ઘટાડવા મદદરૂપ થશે. ભારત સરકારે લાર્સન એન્ડ ટુબ્રોને ૧૭૩૪ કરોડનો ઈપીસી કોન્ટ્રાક્ટ આપ્યો છે તે પોર્ટ સિટી ધોલેરામાં એસપીવી એ સસ્ટેનેબલ ટાઉનશીપ બેઝ કામ કરશે.ક્યુબ કન્સ્ટ્રકશન એન્જીનિયરીંગ કંપની આ સ્થળે એડમિનિસ્ટ્રેટીવ અને બિઝનેસ સેન્ટર ઉભું કરી રહી છે. ધોલેરા સ્માર્ટ સિટીનો પ્રોજેક્ટ એ ડીએમઆઈસી અને ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિઝિયન ડેવલપમેન્ટ ઓથોરિટીનું સંયુક્ત સાહસ છે. આ ઓથોરિટીએ યોજેલી પહેલી બેઠકમાં ઈપીસી-એન્જીનિયરીંગ પ્રોજરમેન્ટ કન્સ્ટ્રકશનના ભાગરૂપે ધોલેરામાં ૧૭૩૪.૦૪ કરોડના ખર્ચે માર્ગ અને વિવિધ સર્વિસ પુરી પાડવામાં આવી રહી છે અને આ કામ માટે એલએન્ડટી કામ કરી રહીછે.

આ સિટી માટે એડમિનિસ્ટ્રેટીવ અને બિઝનેસ સેન્ટરનો ૭૨.૭૧ કરોડનો કોન્ટ્રાક્ટ ક્યુબ કન્સ્ટ્રકશન એન્જીનિયરીંગને આપવામાં આવ્યો છે. એસપીવી એ બે કોન્ટ્રાક્ટ ફાઈનલ કર્યા છે. આ સ્માર્ટ સિટીનું ડિઝાઈન વર્ક પૂર્ણ થવામાં આવ્યું છે. માર્ગ અને સર્વિસના કોન્ટ્રાક્ટમાં ૭૨ કિલોમીટરનું કામ કરવાનું થાય છે. આ અંતરમાં સ્ટ્રોમવોટર, ડ્રેનેજ સિસ્ટમ, પાણી, વેસ્ટ વોટર, રિસાયકલ વોટર, પાવર, ગેસ અને ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી જેવી સુવિધાઓ ઉભી કરવાની થાય છે. ધોલેરામાં ઈન્ડસ્ટ્રીયલ ઝોન બનાવવાનો છે. એ ઉપરાંત નોલેજ અને આઈટી ઝોન, સોલાર પાર્ક, રેસિડેન્સિયલ ઝોન, હાઈ એક્સેસ કોરિડોર, સિટી સેન્ટર, એગ્રીકલ્ચર ઝોન, વિલેજ બફર અને ટુરિઝમ રિસોસ્ટ ઉભા કરવાના થાય છે. એઈકોમ કે જે યુએસ બેઝ કન્સલ્ટીંગ ફર્મ છે. આ સિટીમાં નવી ટેકનોલોજીના આધારે ઈમારતો અને બિલ્ડીંગ ખૂબ ઓછા સમયમાં ઉભા કરવામાં આવશે.

અમદાવાદ જિલ્લાના ધંધુકાથી ધોલેરા ૩૦ કિલોમીટર દૂર છે અને તેને નેશનલ મેન્યુફેક્ચરીંગ પોલિસી હેઠળ નોટીફાય કરવામાં આવ્યું છે. ઓગષ્ટ ૨૦૧૪માં ધોલેરાને એનવાયરમેન્ટલ ક્લિયરન્સ આપવામાં આવેલું છે. આ સિટીના ડેવપલમેન્ટ માટે ૧.૨૫ લાખ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થવાની સરકારને અપેક્ષા છે. ગુજરાતમાં આકાર પામનાર વૈશ્વિક કક્ષાના ધોલેરા એરપોર્ટ પ્રોજેક્ટને કેન્દ્ર સરકારની પર્યાવરણ મંજૂરી મળી છે. ભારત સરકારના વન અને પર્યાવરણ તથા કલાયમેન્ટ ચેઈન્જ વિભાગે આ મંજૂરીપત્ર ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપનીને પાઠવ્યો છે.

ગુજરાતમાં વિશ્વકક્ષાનું ધોલેરા એરપોર્ટ અમદાવાદ જિલ્લાના નવાગામમાં ૧૪૨૬ હેકટર જમીન પર આકાર પામવાનું છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પ્રોજેક્ટ રીપોર્ટ અનુસાર આ એરપોર્ટ ૧,૭૧૨ કરોડની કિંમતે તૈયાર થનાર છે. ધોલેરામાં આંતરરાષ્ટ્રીય કક્ષાના એરપોર્ટ પ્રોજેકટને અદ્યતન ઢબે વિકસાવવા માટે રાજ્ય સરકારે ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપનીની સ્થાપના કરી છે. ધોલેરા એરપોર્ટનો આ બહુહેતુક પ્રોજેક્ટ ધોલેરા સ્પેશ્યિલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (સર) ઉપરાંત ધોલેરા નજીકના વડોદરા, રાજકોટ, ભાવનગર, નડિયાદ, ખેડા અને આણંદની જરૂરિયાતોને આપૂર્તિ કરી શકે તેમ તૈયાર કરાશે.

### વિક્રમી ટેસ્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૪ માંથી એક ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સચિવાલયના બ્લોક નં. ૨ માં નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા અને સે. ૪ માં રહેતા ૬૧ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. ગુજરાત હાઈકોર્ટમાં વકીલ તરીકે પ્રેક્ટીસ કરતા અને સે. ૨૬ માં રહેતા એક ૪૭ વર્ષીય એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ફોરેન્સીક સાયન્સ ખાતે મનોચિકિત્સક તરીકે સેવાઓ આપતા અને સે. ૨૧ ખાતે રહેતા ૩૦ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૦ માં રહેતા અને આરોગ્ય સેવક તરીકે નોકરી કરતી એક ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી પણ આજે વધુ બે કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્ર માટે આ સેક્ટર પણ સંવેદનશીલ બની ઉભરી રહ્યુ છે. સચિવાલય સંકુલના બ્લોક નં. ૨ માં સેવક તરીકે નોકરી કરતા અને સે. ૭માં રહેતા ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૭ માંથી બીજો કેસ એક ૮૩ વર્ષીય વૃદ્ધનો મળ્યો છે. જેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કોરોના માટે સંવેદનશીલ બનેલ સે. ૩ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે જેણે તંત્રની ચિંતા વધારી છે. સે. ૩ માંથી એક ૨૭ વર્ષીય યુવાન જે અભ્યાસ કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી જ ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૬ વર્ષીય ગૃહીણીનો પણ આજ સેકટરમાંથી રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને ગાંધીનગર નજીકની એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ સે. ૩ ના વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ જારી કરી છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૬૯૧ દર્દીઓ સંપૂર્ણ રિકવર થઈ ગયા છે. શહેરમાં હાલ ૧૭૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૨૨૨ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

### પગાર અટવાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાતંત્રના ઉચ્ચ અધિકારીઓને સોમવારે આ મુદ્દે કર્મચારી મંડળો ઉગ્ર રજુઆત કરશે તેમ જાણવા મળેલ છે. જોકે હાલ તો આરોગ્ય શાખા જે કોરોના વોરિયર્સ તરીકે ઓળખવામાં આવે છે તેની ચારેય તાલુકાની બ્લોક ઓફિસના કર્મચારીઓનો પગાર અટકી પડ્યો છે. આ ઉપરાંત હિસાબી શાખા જે હિસાબ સાચવે છે તેના કર્મયોગીઓનો પગાર પણ અટવાયો છે. બાંધકામ અને મહેકમ બ્રાન્ચના કર્મયોગીઓનો પણ પગાર અટવાઈ જવા પામ્યો છે.

સરકારે કર્મચારીઓના હિતમાં દરમ્યાનગીરી સમસ્યાના ઉકેલ માટે સત્વરે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ કરી છે.

### ૧૫ હજારનો દંડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાઈટ પરના શ્રમિકો પણ બિમાર જણાયા હતા.

આજ પ્રમાણે આ જ ટી.પી.માં હોરીઝોન-૨ માંથી પણ મચ્છરોનું હેવી બ્રિડીંગ મળી આવ્યુ હતુ. આ કન્સ્ટ્રકશન સાઈટના સંચાલકને પણ રૂ. પાંચ હજારનો દંડ ટીમ દ્વારા ફટકારવામાં આવ્યો હતો.

આ ઉપરાંત કલોલ તેમજ દહેગામ તાલુકાના કડજોદરા પ્રા.આ. કેન્દ્રના વિસ્તારમાંથી પણ મચ્છરોની ઉત્પત્તિ અટકાવવામાં નિષ્ફળ નાના એકમોને રૂ. ૭ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે.

ગઈકાલે તંત્રની ટીમે રૂ. ૪૫ હજાર જેટલો દંડ વસુલ્યો હતો જ્યારે આજે બીજે દિવસે રૂ. ૨૨ હજારનો દંડ વસુલ્યો છે. આમ બે દિવસમાં જ રૂ. ૬૭ હજારનો દંડ મેલેરિયા તંત્ર દ્વારા વસુલવામાં આવ્યો છે.

મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે નોડલની નિમણુંકો કરી અને કેવા પ્રકારના પગલાં લેવા જોઈએ તેની તાલિમ પછી પણ પગલાં ન લેવાતા તંત્રએ હવે આક્રમક વલણ અખત્યાર કરવા માટેનું મન બનાવી લીધુ છે. જિલ્લામાં હાલ મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી સાનુકૂળ વાતાવરણ છે એટલે તંત્ર પહેલેથી જ આક્રમક રણનીતિ પર કામગીરી કરી રહેલ છે.

### બે વિમાનો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવા માટે લશ્કરી તૈયારીઓ પૂરજોશમાં કરી રહ્યું છે. તાઈવાને રિઝર્વ સૈનિકોને મજબૂત કરવા માટે પણ જાહેરાત કરી છે. જે એર ડિફેન્સ સિસ્ટમનો ઉપયોગ તાઈવાને કર્યો હોવાનુ મનાય છે તેનો સોદો અમેરિકા સાથે તાઈવાને ૬૨૦ મિલિયન ડોલરમાં કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ચીન તાઈવાનને અલગ દેશ માનવાનો પહેલેથી ઈનકાર કરીને અવાર નવાર તેને પોતાનામાં ભેળવી દેવાની ધમકીઓ આપતું રહ્યું છે. અમેરિકાએ રવિવારે તેની ગાઈડેડ મિસાઈલ ડેસ્ટ્રોયર તાઈવાન સ્ટ્રેટમાં તૈનાત કરી હતી. ખાસ વાત એ છે કે અમેરિકાએ બે સપ્તાહમાં બીજી વખત કોઈ ડેસ્ટ્રોયરને સાઉથ ચાઈના સીમાં મોકલ્યા હતા. રિપોર્ટ્સ પ્રમાણે અમેરિકાના આ પગલાંથી સ્પષ્ટ થઈ જાય છે કે તે તાઈવાનની દરેક શક્ય મદદ કરવા માટે તૈયાર છે. અમેરિકન દ્રજીછએ ગત સપ્તાહે સ્પષ્ટ કરી દીધું હતુ કે, તાઈવાન પર કોઈ હુમલો થશે તો અમેરિકા ચુપ નહીં બેસે. તાઈવાન દ્વારા ચીનના વિમાનને તોડી પાડવાના સમાચારને ચીનના એર ફોર્સે રદિયો આપ્યો છે. એર ફોર્સે જણાવ્યું છે કે આ વાંચકોને ગેરમાર્ગે દોરવાની એક ચાલ છે.

### પેટાચૂંટણીઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી છે. ચૂંટણી પંચે કહ્યું કે, બિહારમાં ૨૯ નવેમ્બર પહેલા વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે. જોકે હજુ સુધી બિહારની ચૂંટણીની તારીખોની ઘોષણા કરવામાં આવી નથી, પરંતુ માનવામાં આવે છે કે ચૂંટણી પંચ ચૂંટણીનું શિડ્યુલ જલ્દીથી જાહેર કરી શકે છે. વાસ્તવમાં, દેશમાં ૧ લોકસભા અને ૬૪ વિધાનસભાની બેઠકો ખાલી છે. આ ચૂંટણીઓને લઈને આજે ચૂંટણી પંચની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. આ બેઠકમાં તમામ રાજ્યોના ચૂંટણી અધિકારીઓના અહેવાલની સમીક્ષા કરવામાં આવી હતી. ઘણા રાજ્યોએ કોરોના અને પૂરને કારણે પેટા-ચૂંટણીઓ દબાણ કરવાની માંગ કરી હતી. ચૂંટણી પંચે નિર્ણય લીધો હતો કે બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ ૨૯ નવેમ્બર, ૨૦૨૦ પહેલાં થવાની છે, તેથી ખાલી લોકસભા અને વિધાનસભા બેઠકો પર પેટા-ચૂંટણીઓ પણ એકસાથે યોજાવી જોઈએ. ચૂંટણી પંચનું કહેવું છે કે ચૂંટણી એક સાથે રાખવાથી સુરક્ષા દળોની હિલચાલ અને લોજિસ્ટિક્સમાં મુશ્કેલી નહીં આવે.

ચૂંટણી પંચે પોતાના નિવેદનમાં કહ્યું છે કે બિહાર વિધાનસભાની ચૂંટણીઓ અને ૬૫ બેઠકોની પેટા-ચૂંટણીઓ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. નોંધપાત્ર વાત એ છે કે બિહારમાં વિધાનસભાની ચૂંટણીએ જોર પકડ્યું છે. કોંગ્રેસ અને જેડીયુ ૭ સપ્ટેમ્બરે તેમનું 'બિહાર મિશન'નો શંખનાદ કરશે. તે જ સમયે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ સપ્ટેમ્બરના રોજ દિલ્હીથી બિહાર સુધીના ૧૮ કરોડના પ્રોજેક્ટની સૌગાત આપીને ચૂંટણી બ્યુગલને ફૂંકશે. જ્યારે કોંગ્રેસ બિહારમાં બિહાર ક્રાંતિ વર્ચ્યુઅલ જનરલ કોન્ફરન્સ રેલી દ્વારા લોકોને મદદ કરવાનું કામ કરશે. જેડીયુ ૭ સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રી નીતીશ કુમાર સાથે એક રેલી યોજશે. જેડીયુએ આ રેલીનું નામ 'નિશ્ચય સંવાદ' રાખ્યું છે.

### કરાર કર્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. અહીં આ રાઈફલ્સ ઈન્ડો-રશિયા રાઈફલ્સ પ્રાઈવેટ લિમિટેડ સંયુક્ત રીતે ઉત્તર પ્રદેશના અમેઠીમાં બનાવશે.

દુનિયાની સૌથી આધુનિક અને એસોલ્ટ આ રાઈફલની કિંમત આશરે ૧૧૦૦ ડોલર આંકવામાં આવી રહી છે. તેની ખાસિયત એ છે કે વજનમાં હલકી, નાની અને ચલાવવામાં સરળ છે. સંપૂર્ણ લોડ કર્યા બાદ તેનુ વજન ચાર કિલોની આસપાસ થાય છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તે એક મિનિટમાં ૬૦૦ ગોળીઓ છોડે છે, ૧૦ ગોળી દરેક સેંકન્ડે. તેને ઓટો અને સેમી ઓટો મોડમાં પણ ચલાવી શકાય છે.

### ચીન સરહદે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તટીય વિસ્તારની આસપાસ સ્થિતિને બદલવાના ચીનની નવી રીતના થોડા દિવસો બાદનો છે. સૈન્ય સૂત્રોએ આ માહિતી આપી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, લદ્દાખના બે દિવસીય પ્રવાસના પહેલા દિવસે નરવાણેએ ક્ષેત્રમાં બનતી સ્થિતિ પર શીર્ષ કમાન્ડરો સાથે બેઠક કરી હતી. તેમણે કોઇ પણ અપ્રિય સ્થિતિ બનવા પર તેને કઇ રીતે કાબુમાં લેવી અને ભારતની સંપૂર્ણ લડાકુ તૈયારીઓનું પણ આકલન કર્યું હતું. સેના પ્રમુખના એક પ્રમુખ અગ્રિમ ક્ષેત્રનો પણ પ્રવાસ કર્યો જ્યાં તેમણે મોટી સંખ્યામાં સૈનિકો સાથે વાતચીત કરી હતી.